જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૧/૨૦૧૪ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તેમજ જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૬૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી ૭૭૧ લીટર દેશી દારૂ, ૧૩૨ બોટલ ઇગ્લીશ દારૂ અને ૨ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૨૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૬૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણ:-** **સમાચાર યાદી નં.૨૮૬૭/૧૪**

**ખોખરાઃ** ગાભુભાઈ કેશાભાઈ સોલંકી (રહે.ગામ ઈયાવા તાલુકો સાણંદ જીલ્લો અમદાવાદ) એ તા.૨૧/૧૧/૧૪ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી નિમીષાબહેન અમીતભાઇ સોલંકી (ઉ.વ.૨૯)(રહે.ગુ.હા.બોર્ડ, શના શેઠની ચાલી, ખોખરા) એ તેના પતિ, તેમજ સાસરીયાના શારીરેએક અને માનસીક ત્રાસથી તા.૬/૧૧/૧૪ સવારનાં ૬/૪૫ વાગ્યાના સુમારે ઘરે છતના ભાગે આવેલ લાકડાનાં મોભ સાથે પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.બી.ઠાકોર ચલાવે છે.

**અપહરણ:-** **સમાચાર યાદી નં.૨૮૬૮/૧૪**

**વેજલપુરઃ** રિંકુબહેન અરવિંદભાઇ મિસ્ત્રી (ઉ.વ.૧૭)(રહે,કાદમ્બરી સોસાયટી વેજલપુર) ને તા.૧૯/૧૧/૧૪ બપોરનાં ૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પાડોશમાં રહેતો આરોપી વિનોદ શેખર મદ્રાસી લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ રિંકુબહેનની માતા હર્ષાબહેન મિસ્ત્રીએ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે કે પંડ્યા ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૮૬૯/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** ગોગજીભાઈ ધુળજીભાઈ પ્રજાપતિ (રહે.દ્વારકાપુરી સોસાયટી,ચાણક્યપુરી બ્રીજ પાસે ઘાટલોડીયા) એ તા.૨૧/૧૧/૧૪ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૧૧/૧૧/૧૪ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ભવ્યા ડેરી ખાતે પોતાની દુકાને ત્રણ અજાણ્યા પુરૂષો આવ્યા હતા અને સોનાની ગીની આપવાની છે તેમ કહી નંગ-૧૦ નકલી ગીની આપી રૂપિયા ૧૦,૦૦૦/- લઈ જઈ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૮૭૦/૧૪**

**એલીસબ્રીજઃ** જયવંતીબહેન પ્રકાશભાઈ આચાર્ય (રહે.વ્રજ વિહાર-૬ આનંદનગર રોડ સેટેલાઈટ) એ તા.૨૧/૧૧/૧૪ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૦/૧૪ બપોરના ૪/૦૦ થી તા.૨૯/૧૦/૧૪ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન માણેકબાગ હોલની સામે આવેલ પોતાની બ્યુટી નામની દુકાનના શટર ખોલી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી કોસ્મેટીક સામાન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા એશીં થી નેવુ હજાર મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી એચ ભાટી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૮૭૧/૧૪**

**આનંદનગરઃ** જયંતીલાલ મનુભાઈ પંડયા (રહે.શિવાલીક બંગલોઝ મધુર હોટલ સામે આનંદનગર) એ તા.૨૧/૧૧/૧૪ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૧૧/૧૪ રાતનાં ૮/૦૦ વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે ઘર્ઘાટી તરીકે કામ કરતો આરોપી માલા ઉર્ફે રમેશ નાથુજી મીણા (રહે.ગામ લોગળાઈ ભમરાણા તીમાવત ફળીયા જીલ્લો ઉદેપુર રાજસ્થાન) પોતાના ઘરની તિજોરી નુ તાળુ તોડી સોનાની બંગડી કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ૪,૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી ડી સોલંકી ચલાવે છે.

**કાગડાપીઠઃ** હોલારામ દાષાનંદ જંજાણી (રહે.સીંધી કોલોની બીજી સ્કૂલની બાજુમાં સરદારનગર) એ તા.૨૧/૧૧/૧૪ નારોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૧૪ સાંજના ૭/30 વાગ્યાના સુમારે બહેરામપુરા સમ્રાટ બેકરી સામે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી તોડી ડેકીમાંથી રૂપિયા ૯૧,૮૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એમ વાઘેલા ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૮૭૨/૧૪**

**શહેરકોટડાઃ** પ્રભાતભાઈ ધનાજી પ્રજાપતિ (ઉ.વ.૫૭)(રહે.ગુજરાત હાઉસીંગબોર્ડ મેઘાણીનગર) તા.૨૧/૧૧/૧૪ બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે નરોડા ખાતે આવેલ અરવિંદ મીલમાં સી.ડી.આર સેમ્પલ ખાતામાં ફરજ ઉપર હતા ત્યારે કોઈ કારણસર ચક્કર આવી જતા ઢળી પડતા સારવાર માટે બાપુનગર જનરલ હોસ્પીટલમાં લઇ જતાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે વી ડીંડોર ચલાવે છે.

**ટ્રેનની અડફેટે મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૮૭૩/૧૪**

**સોલા હાઈકોર્ટઃ** રમણ ખેંગારભાઈ પરમાર (ઉ.વ.૩૫)(રહે.મેમનગર ઘાટલોડીયા) તા.૨૧/૧૧/૧૪ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા રેલવે સ્ટેશન વચ્ચે ટ્રેનની અડફેટે આવી જતા મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હાથ ધરી છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૮૭૪/૧૪</u>**

**સરદારનગરઃ** રાજેશભાઈ ઈશ્વરભાઈ પંજવાણી (ઉ.વ.૨૫)(રહે.સતલુજની સામે કુબેરનગર) એ કોઈ કારણસર તા.૨૧/૧૧/૧૪ કલાક ૦૦/૩૮ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેન્દ્રભાઈ ભગવાનભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.